જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૨૪૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૨૮,૭૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૩૩૬/૨૦૨૬**

રાણીપઃ કુસુમબહેન વિજયભાઈ કારેલીયા (ઉ.વ.૬૨)(રહે.પાર્થ સોસાયટી, ગાયત્રીકુજ સોસાયટી સામે, રાધાસ્વામી રોડ, રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની લોખંડની જાળીના બે સળીયા તોડી તેમજ દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમમાં મુકેલ તીજોરીઓમાંથી સોના–ચાંદીના દાગીના અને ચાંદીના સિક્કા મળી કુલ રૂપિયા ૫,૭૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૩૩૭/૨૦૨૬**

માધવપુરાઃ માધવપુરા હનુમાનપુરા બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ નજીક આવેલ મહેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ફેક્ટરી નં.૧૫૩ "આવકાર ફૂડ્સ" નામના નમકીન બનાવવાના કારખાના ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા (૧) સુભાષ શંકરલાલ પરમાર (ઉ.વ.૨૬)(મુળ વતનઃ ગામ બારી ફરા પોસ્ટ.કોલખન્ડા તા–આસપુર્ર જી–ડુંગરપુર રાજસ્થાન) તથા (૨) અરવિંદ શંકરલાલ પરમાર (ઉ.વ.૧૮) (મુળ વતનઃ ગામ બારી ફરા પોસ્ટ.કોલખન્ડા તા–આસપુર્ર જી–ડુંગરપુર રાજસ્થાન) અને (૩) કુલદીપસિંહ બલવંતસિંહ રાજપુત (ઉ.વ.૧૮) (મુળ વતનઃ ગામ–ખેતાખેડા તા.જી.–નીમચ મધ્યપ્રદેશ) નાઓ તા.૦૩/૦૩/૨૦૨૬ ના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે મહેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ "આવકાર ફૂડ્સ" ફેકટરીમાં શોર્ટ શર્કીટથી આગ લાગતા, ત્રણેય જણા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે ત્રણેયને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સુભાષ પરમારનું તા.૦૫/૦૩/૨૦૨૬ સાંજના ૭/૧૫ વાગે અરવિંદ પરમારનું તા.૦૫/૦૩/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગે તેમજ કુલદીપસિંહ રાજપુતનું તા.૦૬/૦૩/૨૦૨૬ સવારના ૪/૦૦ વાગે મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ડી.એમ.મહિડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૩૮/૨૦૨૬**

મેઘાણીનગરઃ ભાવિકાબહેન મનોહરલાલ ગોપલાણી (ઉ.વ.૪૫)(રહે.ગુરૂકૃપા બંગ્લોઝ, બોઘારામ દરબારની બાજુમાં બંગ્લા એરીયા કુબેરનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૩/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

ઓઢવઃ સંતોષભાઈ દેવજીભાઈ પટેલ (ઉ.વ.૩૨)(રહે.ઈંદિરા આવાસ યોજનાના મકાનમાં, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૩/૨૦૨૬ સાંજના ૬/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બારી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બોઘાભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી